"મીઠાં બાળકો - યાદ માં બેસતી વખતે આંખો ખોલીને બેસો કારણ કે તમારે ખાતા - પીતા ચાલતાં - ફરતાં બાપની યાદ માં રહેવાનું છે"

પ્રશ્ન :- ભગવાન ને શોધવા માટે મનુષ્ય દર-દર ધક્કા કેમ ખાય છે - કારણ?

ઉત્તર :- કારણ કે મનુષ્યોએ ભગવાન ને સર્વવ્યાપી કહી ખૂબ ધક્કા ખવડાવ્યાં છે. સર્વવ્યાપી છે તો ક્યાંથી મળશે? પછી કહી દે છે પરમાત્મા તો નામ-રુપ થી ન્યારા છે. જ્યારે નામ-રુપથી જ ન્યારા છે તો મળશે પછી કેવી રીતે અને શોધશો કોને? એટલે દર-દર ધક્કા ખાતા રહો છો. આપ બાળકોનું ભટકવાનું હવે છૂટી ગયું. તમે નિશ્ચય થી કહો છો-બાબા પરમધામ થી આવ્યાં છે. અમારી (બાળકો) સાથે આ ઓરગન્સ (કર્મેન્દ્રિયો) દ્વારા વાત કરી રહ્યાં છે. બાકી નામ-રુપ થી ન્યારી કોઈ વસ્તુ હોતી નથી.

ઓમ્ શાંતિ ! મીઠાં-મીઠાં બાળકો બાપ ની યાદ માં બેઠાં છે. આ કોણે કહ્યું અને કોને? સર્વ આત્માઓનાં બાપે પોતાનાં બાળકો આત્માઓને કહ્યું. આત્માઓએ ઓરગન્સ થી સાંભળ્યું કે બાબાએ શું કહ્યું? બાબાએ કહ્યું, પોતાનાં બાપને યાદ કરો છો? બાપ ને યાદ કરવા માટે શું આંખો બંધ કરવાની હોય છે? બાળકો જ્યારે બાપને યાદ કરે છે તો આંખો તો ખુલ્લી હોય છે. ઉઠતાં-બેસતાં, ચાલતાં-ફરતાં બાળકોને બાપની યાદ રહે છે. આંખો બંધ કરવાની જરુર નથી. આત્મા જાણે છે કે મારા બાપ આ ઓરગન્સ થી મારી સાથે વાત કરે છે. પરમધામ થી આવ્યાં છે, આ પતિત જૂની દુનિયાને નવી દુનિયા બનાવવાં. આ બુદ્ધિમાં છે, આંખો તો ખુલ્લી છે. બાબા વાત કરે છે, તમે સાંભળો પણ છો અને યાદ માં પણ છો. કોણ સાંભળે છે? પરમપિતા પરમાત્મા. એમનું નામ શું છે? જેમ તમારા શરીરનું નામ છે. એ બદલાતું રહે છે. એક શરીર લીધું, છોડ્યું પછી બીજું લીધું તો નામ પણ બીજું પડશે. આત્માનું નામ બદલાતું નથી. બાપ કહે છે હું પણ આત્મા છું, તમે પણ આત્મા છો. હું પરમધામ માં રહેવા વાળો પરમ આત્મા છું, એટલે સુપ્રિમ આત્મા કહે છે. સુપ્રીમ ઊંચા માં ઊંચા ને કહેવાય છે. ઊંચ આત્માઓ પણ છે તો નીચ આત્માઓ પણ છે. કોઈ પુણ્ય આત્મા, કોઈ પાપ આત્મા. બાપ કહે છે - મુજ આત્માનું નામ સદૈવ એક જ શિવ છે. નામ તો જરુર જોઈએ ને. ન જાણવાનાં કારણે કહી દે છે નામ-રુપ થી ન્યારા છે. પરંતુ નામ-રુપ થી ન્યારી કોઈ વસ્તુ હોઈ ન શકે. જેમ આકાશ છે, કોઈ વસ્તુ તો નથી ને. પોલાર જ પોલાર છે. એનું પણ નામ તો છે ને આકાશ. બહુજ સૂક્ષ્મ તત્વ છે. સારું એનાંથી પણ ઉપર દેવતા રહે છે. તે પણ પોલાર છે. આકાશ માં બેઠા છે. પછી એનાંથી પણ ઉપર હજું આકાશ, એમાં પણ આત્માઓને બેસવાની જગ્યા છે. તે પણ આકાશ છે, જેને બ્રહ્મ તત્વ કહેવાય છે. આ ત્રણ તત્વ છે - સ્થૂળ, સૂક્ષ્મ, મૂળ. આત્માઓ તો જરુર પોલાર માં રહેશે ને. તો ત્રણ આકાશ થઈ ગયાં. આ આકાશ માં ખેલ થાય છે તો જરુર રોશની જોઈએ. મૂળવતન માં ખેલ નથી થતો, એને બ્રહ્મ તત્વ કહેવાય છે. ત્યાં આત્માઓ નિવાસ કરે છે. એ છે ઊંચા માં ઊંચા ત્રણ લોક અર્થાત્ ત્રણ મંઝિલ છે દુનિયાની. એવું નથી સાગર ની નીચે કોઈ લોક છે. પાણી ની નીચે તો હજી પણ ધરતી છે, જેનાં પર પાણી હોય છે. તો આ છે ત્રણ લોક. સાઈલેન્સ (શાંતિ), મુવી (ઈશારા) અને ટોકી (વાચા). આ શિવબાબા બેસી સમજાવે છે. શું શિવબાબા ને આંખો બંધ કરી યાદ કરવાનાં છે? ના. બીજા લોકો આંખો કેમ બંધ કરે છે? કારણ કે આંખ દગો આપે છે.

મનુષ્ય પોતે કહી દે છે પરમાત્મા નામ-રુપ થી ન્યારા છે. પછી કહે છે પથ્થર-ભિત્તર બધામાં છે. ૨૪ અવતાર છે. કચ્છ-મચ્છ અવતાર છે. હકીકત માં છે બધાં ખોટાં જ ખોટાં. ઈશ્વર ને સર્વવ્યાપી કહી કેટલાં રોલા (ગપોડા) કરી દીધાં છે. ભક્તિમાર્ગ છે જ ધક્કા ખાવાનો માર્ગ. મને પણ પૂરા ધક્કા ખવડાવે છે. હવે ભક્ત ભગવાન ને યાદ કરે છે કે અમને ભક્તિ થી, ધક્કા થી બચાવો. જ્યારે અહીં આવીને મળે છે તો કહે છે બાબા અમે તમને ખૂબ શોધ્યાં. ખૂબ ધક્કા ખાધાં પરંતુ તમે મળ્યાં નહીં. અરે ક્યારથી ધક્કા ખાધાં? બાબા એ ખબર નથી. હવે બાપ સમજાવે છે જ્ઞાન થી જ સદ્દગતિ થાય છે. મનુષ્ય કુંભ નાં મેળા પર ધક્કા ખાવા જાય છે. જ્યાં પણ પાણી હશે ત્યાં જઈને સ્નાન કરશે. કુંભ અર્થાત્ સંગમ. અસલ છે આત્મા અને પરમાત્મા નો મેળો. પરંતુ ભક્તિમાં પછી તે સાગર અને પાણી નો મેળો બનાવી દીધો છે. દેશ-દેશાંતર મેળો લાગે છે. તે છે પાણીમાં સ્નાન કરવાનો મેળો. ઘણાં આ

વાતો ને માને છે. ઘણાં નથી પણ માનતાં. ઘણાં તો નથી ભક્તિ ને, નથી જ્ઞાન ને માનતાં. બસ મનુષ્ય જન્મે છે પછી મરે છે. નેચર (કુદરત) જ છે. અનેક મતો છે. એક જ ઘર માં સ્ત્રી ની મત અને પુરુષ ની મત અલગ થઈ જાય છે. એક પવિત્રતા ને માનશે બીજો નહીં માને. હવે તમને શ્રીમત મળી રહી છે. ગવાયેલું પણ છે - શ્રીમત ભગવાનુવાચ. એમની મત થી જ મનુષ્ય થી દેવતા બની જાય છે. દેવતા ધર્મ હમણાં નથી. નિશાનીઓનાં ચિત્ર છે જેનાંથી સિધ્ધ છે કે આદિ સનાતન દેવી-દેવતા ધર્મ હતો એ રાજ્ય કરીને ગયાં છે. જૂનામાં જૂની વસ્તુ છે દેવી-દેવતાઓની. લોર્ડ કૃષ્ણા કહે છે અથવા તો કહેશે ગોડ શ્રી નારાયણ. તમે જાણો છો લક્ષ્મી-નારાયણનું રાજ્ય હતું જેને વૈકુંઠ કહેવાય છે. શ્રીકૃષ્ણ વૈકુંઠનાં માલિક હતાં, સતયુગ નાં પ્રિન્સ (રાજકુમાર) હતાં પછી એ જ કૃષ્ણ દ્વાપર માં કેવી રીતે ગયાં? એ જ નામ-રુપ થી તો આવી ન શકે. એ જે ચૈતન્ય હતાં એમનાં જડ ચિત્ર અહીં છે. પરંતુ એ આત્મા ક્યાં ગયો? આ કોઈ નથી જાણતું. બાપ બતાવે છે - આત્મા ૮૪ જન્મ લે છે હમણાં અહીં પાર્ટ ભજવી રહ્યો છે. ભિન્ન નામ-રુપ, દેશ, કાળ નો પાર્ટ ભજવતો આવ્યો છે. આત્મા જ કહે છે હું એક શરીર છોડી બીજું લઉં છું. નામ-રુપ, દેશ, કાળ, મિત્ર સંબંધી બધાં અલગ-અલગ છે. બીજા જન્મમાં બદલાઈ જશે.

તમે જાણો છો હમણાં આપણે ભણી રહ્યાં છીએ. પછી આપણે જ દેવી-દેવતા બનીશું. સૂર્યવંશી માં ૮ જન્મ લઈશું. એક શરીર છોડી બીજું લઈશું. તે ગર્ભ જેલ નહીં, ગર્ભ મહેલ હશે. અહીં ગર્ભ જેલ માં ખૂબ સજા ભોગવે છે. દુઃખ થાય છે ત્યારે કહે છે બસ હવે બહાર કાઢો. અમે હવે પાપ નહીં કરીશું. પરંતુ બહાર માયાનું રાજ્ય હોવાને કારણે ફરીથી પાપ કરવા લાગી જાય છે. ત્યાં ગર્ભ મહેલ માં આરામ થી રહે છે. તો બાપ કહે છે બધાં વેદ-શાસ્ત્ર વગેરે નો સાર હું તમને જ સમજાવું છું. સારું બાબા કુંભ નાં મેળા પર સમજાવે છે ખૂબ સ્નાન કરવા જશે. ખૂબ ભીડ થશે. અલહાબાદ માં ત્રિવેણી પર મેળો લાગે છે. હવે તે કોઈ સંગમ તો છે નહીં. સંગમ થવો જોઈએ સાગર અને નદીઓનો. આ તો નદીઓનો સંગમ છે. બે નદીઓ મળે છે. તેઓ પછી કહી દે છે ત્રીજી નદી ગુપ્ત છે. હવે ગુપ્ત નદી કોઈ હોતી નથી. છે જ બે નદીઓ. જોવામાં પણ બે આવે છે. એક નું પાણી સફેદ, એક નું મેલું દેખાય છે ત્રીજી તો કોઈ છે નહીં. ગંગા, જમના છે. ત્રણ નથી. આ પણ ખોટું થયું ને. સંગમ પણ નથી. કલકત્તા માં સાગર અને બ્રહ્મપુત્રા મળે છે. નાવ (હોડી) માં બેસીને પેલે પાર જાય છે, ત્યાં મેળો લાગે છે. કેટલી મહેનત કરે છે. અમરનાથ પર તીર્થ યાત્રા કરવા જાય છે, ત્યાં પણ શિવલિંગ ની મૂર્તિ છે. તે ઘરમાં પણ રાખી શકે છે. પછી ત્યાં જવાની જરુર નથી, આ પણ ધક્કા ખાવાનું ડ્રામા માં નોંધ છે. ત્રિવેણી માં જાય છે, સમજે છે એ પતિત-પાવની છે. કોઈ-કોઈને આ પણ ખબર નથી નદીઓ ક્યાંથી આવે છે. પહાડ માંથી આવે છે. પરંતુ પાણી તો સાગર માંથી આવે છે. વાદળ વરસે છે તો ઊંચા પહાડ હોવાનાં કારણે બરફ જામી જાય છે. પછી તડકો લાગવાના કારણે જ્યારે બરફ ઓગળે છે તો પાણી ભેગું થઈને નદીઓમાં આવે છે. હવે વિચાર કરો કે પતિત-પાવન પરમપિતા પરમાત્મા જ્ઞાન નાં સાગર તથા જ્ઞાન નદીઓ? કે પાણી નાં સાગર અને નદીઓ? ખૂબ અંધકાર માં ધક્કા ખાતા રહે છે. હવે એમને કેવી રીતે બતાવીએ કે આ પતિત-પાવની નથી, આ તો વરસાદ નું પાણી છે. વાદળો થી પાણી આવે છે, વાદળ પછી સાગર થી પાણી ખેંચે છે. પાણી તો પતિત-પાવન હોઈ ન શકે. ગાય પણ છે પતિત-પાવન સીતારામ, હે પતિત-પાવન આવો. આત્મા કહે છે હે પતિતોને પાવન બનાવવા વાળા બાબા રહેમ કરો.

બાપ સમજાવે છે - આ ભક્તિનાં ધક્કા ખાવાથી કોઈ પાવન બનતાં નથી. આ નદીઓ તો અનાદિ છે જ. પાણી છે પીવા અને ખેતી કરવા માટે. તે કેવી રીતે પાવન કરશે? હમણાં આ તમારો અંતિમ જન્મ છે. હું આવ્યો છું તમને પાવન બનાવવાં. સતયુગ પાવન દુનિયા હતી. આ છે પતિત દુનિયા. જે પાવન હતાં એ જ ૮૪ જન્મ લઈ પતિત બન્યાં છે એટલે પછી પાવન બનવા માટે બાપ ને બોલાવે છે. અડધાકલ્પ થી ઉતરતી કળા થતી આવી છે. ભારત સતયુગ માં ખૂબ સુખી હતું, પાવન હતું. હમણાં દુઃખી છે કારણ કે પતિત છે એટલે પોકારે છે ઓ ગોડફાધર અને પછી કહી દે છે એમનું નામ-રુપ નથી. ત્યારે પોકારે કોને છે? આ પણ સમજતાં નથી જેમ કહે છે આત્મા સ્ટાર (સિતારા) જેવો છે. ચમકે છે અજબ સિતારો. આત્મા બિલકુલ નાનાં બિંદુ જેવો છે. ટીકો (તિલક) પણ અહીં લગાવે છે અને કહે છે ભ્રકુટી ની વચ્ચે ચમકે છે અજબ સિતારો.... તો આટલાં નાનાં બિંદુ આત્મામાં ૮૪ જન્મો નો અવિનાશી પાર્ટ નોંધાયેલો છે. તે ક્યારેય ખતમ ન થઈ શકે. આ આખું નાટક અવિનાશી છે. ચક્ર ફરતું રહે છે. એવું નથી સૃષ્ટિ એક જગ્યાએ ઉભી છે. આદિ સનાતન દેવી-દેવતા ધર્મ જે પહેલાં હતો, તે હમણાં નથી. જરુર જ્યારે ન હોય ત્યારે તો હું આવું. હું આવીને ફરીથી દેવી-દેવતા ધર્મ ની સ્થાપના કરું છું. તો ચક્ર ફરે છે. હિસ્ટ્રી-જોગ્રોફી ફરી રિપીટ થાય છે. સતયુગ માં સૂર્યવંશી રાજ્ય હતું. ત્રેતા માં ચંદ્રવંશી હવે ફરી તમને ૮૪

જન્મોની ખબર પડી છે ને. કેવી રીતે આપણે ચઢતી કળામાં આવ્યાં છીએ. બાપ બધાં બાળકોને પતિત થી પાવન બનાવવાનો રસ્તો બતાવે છે. એવું નથી કહેતાં કે આંખો બંધ કરી મને યાદ કરો. ખાતા-પીતા ચાલતાં મને યાદ કરવાનું છે. આંખો બંધ કરી ખાવાનું ખાશો શું? માખી અંદર ચાલી જશે.

આપ બાળકોનો આત્મા જાણે છે કે બાબા એમને ભણાવી રહ્યાં છે. એ કહે છે - બાળકો મને યાદ કરો તો તમે પાવન બનશો. જેટલો સમય યાત્રા માં રહે છે તો મનુષ્ય પવિત્ર રહે છે. પાછા આવે છે તો ઘર માં પછી પતિત બની જાય છે. તમારી છે રુહાની યાત્રા જે બાપ કરાવે છે. બાપ કહે છે - તમારે અમરલોક માં ચાલવાનું (જવાનું) છે તો મને યાદ કરો. આત્મા પવિત્ર થવાથી જ તમે ઉડી શકો છો. અંત મતિ થી ગતિ થશે. બાપની શ્રીમત થી જ સદ્દગતિ મળે છે. શ્રીમત કહે છે હે આત્માઓ મામેકમ્ યાદ કરો તો ખાદ નીકળી જાય અને તમે મુક્તિધામ માં ચાલ્યાં જશો, પછી જીવનમુક્તિ માં આવશો. આ ચક્ર ને સમજવાથી તમે ચક્રવર્તી રાજા બનશો. સતયુગ ત્રેતામાં તમે પાવન હતાં પછી બાપ તો પૂછશે ને કે તમને પતિત કોણે બનાવ્યાં? આ પણ હમણાં આપ બાળકો સમજો છો કે જ્યાર થી રાવણ રાજય શરું થાય છે તો પતિત બની જાય છે. અડધાકલ્પ પછી જૂની દુનિયા થઈ જાય છે. પછી તમને સુખ તો નવી દુનિયામાં મળવું જોઈએ. એ હું જ આવીને આપું છું. હું તમને પાવન બનાવું છું, એ તમને પતિત બનાવે છે. હું વારસો આપું છું, રાવણ શ્રાપ આપે છે. આ છે ખેલ. રાવણ તો તમારો મોટો દુશ્મન છે. એનું પૂતળું બનાવીને બાળે છે. ક્યારેય જોયું શિવનું ચિત્ર ઉઠાવીને બાળે? નહીં. શિવ તો છે નિરાકાર. રામ સુખ આપવા વાળા એમને કેવી રીતે બાળશે. દુઃખ આપવા વાળો છે રાવણ, કહે છે આ અનાદિ બાળતા આવે છે. તો શું શરું થી જ રાવણ રાજ્ય હતું? રામરાજ્ય હતું જ નહીં? આ બધું સમજાવવું પડે. રાવણ રાજ્ય ક્યારથી શરું થયું, આ કોઈને ખબર નથી. અડધાકલ્પ થી શરું થાય છે. તમે બધી દ્રૌપદીઓ પોકારો છો-બાબા અમારી રક્ષા કરો. અરે તમે બોલો અમારે પતિત બનવું જ નથી. હિંમત જોઈએ, નષ્ટોમોહા બનવાનું છે. હું શરણ ત્યારે આપીશ જ્યારે તમે નષ્ટોમોહા બનશો. મારા તો એક શિવબાબા બીજું ન કોઈ. પતિ, બાળકો યાદ આવતાં રહેશે તો વારસો મેળવી નહીં શકો. ગૃહસ્થ વ્યવહાર માં રહેતા બાપને યાદ કરો. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. શ્રીમત પર બધાંને પાવન બનાવવાનો રસ્તો બતાવવાનો છે. પતિત-પાવન બાપ નો પરિચય આપવાની યુક્તિ રચવાની છે.
2. બાપ પાસેથી વારસો લેવા માટે કે બાપની શરણમાં આવવા માટે પૂરેપૂરાં નષ્ટોમોહા બનવાનું છે. આંખ ખોલીને બાપને યાદ કરવાનો અભ્યાસ કરવાનો છે.

વરદાન :- સર્વ શક્તિઓને સમય પર ઓર્ડર પ્રમાણે કાર્ય માં લગાવવા વાળા માસ્ટર સર્વશક્તિમાન ભવ

માસ્ટર નો અર્થ છે કે દરેક શક્તિ જે સમયે આહવાન કરો તે શક્તિ પ્રેક્ટિકલ (વ્યવહારિક) સ્વરુપ માં અનુભવ થાય. જે સમયે, જે શક્તિ ની આવશ્યકતા હોય, એ સમયે તે શક્તિ સહયોગી બને. શક્તિને ઓર્ડર કર્યો અને હાજર. એવું પણ નહીં ઓર્ડર કરો સહનશક્તિ ને અને આવે સામનો કરવાની શક્તિ તો એને માસ્ટર સર્વશક્તિમાન્ નહીં કહેવાશે. જેમ શરીર ની શક્તિઓ ઓર્ડર માં છે એમ સૂક્ષ્મ શક્તિઓ પણ ઓર્ડર પ્રમાણે કાર્ય કરે, એક સેકન્ડ નો પણ ફરક ન પડે.

સ્લોગન :- પ્રસન્નતા નો આધાર સંતુષ્ટતા ની શક્તિ છે.